GJCU020001972025

રજુ થયા તારીખ: ૨૧–૦૧–૨૦૨૫

દાખલ થયા તારીખ: ૨૧–૦૧–૨૦૨૫

ફેસલ થયા તારીખ: ૦૪–૦૮–૨૦૨૬

**અવધિ: વર્ષ , માસ , દિવસ**

**૦૧, ૦૬, ૧૪**

---

**મહે. છોટાઉદેપુરના અધિક જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.છોટાઉદેપુર.**

---

**ફો.કે.નં.૧૪૩/૨૦૨૫.**

**આંક–**

**શ્રી સરકાર** ..... ..... ..... ફરીયાદી.

વિરુધ્ધ

**મુકેશભાઈ નાનસિંગભાઈ રાઠવા,**

ઉ.વ.આ.૨૭, રહે. ખડકવાડા, તળાવ ફળીયા,

તા.જી.છોટાઉદેપુર .... ..... ..... આરોપી.

**ગુન્હો:– <u>બોમ્બે પ્રોહિબીશન એકટની કલમ–૬૫ એ, ઈ., ૮૧, ૮૩ મુજબ.</u>**

---

**ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી :–** એસ.એસ.મન્સુરી
**આરોપી પક્ષે વિધ્વાન વિકીલશ્રી :–** એન.જે.રાઠવા

---

## JUDGEMENT

(૧) ફરીયાદપક્ષનાં કેસની હકિકત ટુંકમાં એવી છે કે,તા.૧૦/૦૫/૨૦૨૩ ના રોજ ક.૧૪:૩૦ વાગે મોજે ખડકવાડા ગામે તળાવ ફળીયામાં રહેતા સેવલીયાભાઈ રેવલાભાઈ રાઠવા નાઓ ખોસ ફળીયામાં આવેલ ખેતરમાં ઝાડ

નીચે મકાઈના પરાડ નીચે વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો વિદેશી દારૂ લંડન પ્રાઈડ પ્રિમિયમ વ્હીસ્કી ૧૮૦ મીલીની કુલ બોટલ નંગ–૨૪૦, કુલ કિંમત રૂા.૩૫,૭૫૦/– તથા મેકડોવેલ નં.૧ રીઝર્વ વ્હીસ્કી ૧૮૦ મીલીની બોટલ નંગ–૪૮, કુલ કિંમત રૂા.૧૦,૪૬૪/– એમ કુલ બોટલ નંગ–૨૮૮, કુલ કિંમત રૂા.૪૬,૨૧૪/– નો પ્રોહી મુદ્દામાલ રાખી રેડ દરમિયાન હાજર મળી આવી તથા સદર આરોપી તથા અન્ય આરોપી નહી મળી આવી ગુન્હો કર્યાની થયેલ ફરીયાદ અનુસંધાને તપાસના અંતે આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આ ચાર્જશીટ કોર્ટમાં રજુ થતાં તેને ફોજદારી કેસ રજીસ્ટરે નોંધી, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપી આંક–૦૩ થી તહોમતનામુ ફરમાવી, આંક–૦૪ થી આરોપીનો જવાબ લેતા તેઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા તેની સામે આ કેસ સાબીત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબ પુરાવો રજુ કરેલ છે.

**–: મૌખિક/દસ્તાવેજી પુરાવો :–**

| અનું.નં. | આંક | પુરાવાની વિગત. |
|---|---|---|
| ૧. | ૦૬ | પંચસાહેદ– ચીનુભાઈ જેસલભાઈ તડવી |
| ૨. | ૦૭ | આરોપીનું શરીર સ્થિતિનું પંચનામું |
| ૩. | ૦૮ | પંચસાહેદ– ભુવાનસીંગ દલુભાઈ રાઠવા |
| ૪. | ૦૯ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું |
| ૫. | ૧૦ | ફરીયાદી– કહળસિંગભાઈ બુટાભાઈ |
| ૬. | ૧૧ | અસલ ફરીયાદ |
| ૭. | ૧૨ | પંચસાહેદ– મનોહરભાઈ ચંપકભાઈ સોલંકી |
| ૮. | ૧૫ | ત.ક.અ.– નરવતસિંહ ફતેહસિંહ બારીયા |
| ૯. | ૧૬ | રવાનગી પત્રક |
| ૧૦. | ૧૯ | પંચસાહેદ– મેઘજીભાઈ ગુલીયાભાઈ રાઠવા |

ફરીયાદપક્ષે પુરાવો પુરો થતા આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે જેમાં તેઓએ નિર્દોષ હોય તેઓની ઉપર ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે. ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.એસ.મન્સુરી ની તથા આરોપીના વિ.વકીલ શ્રી એન.જે.રાઠવાની દલીલો સાંભળવામાં આવી.

(૩) આ કેસના આખરી નિકાલ માટે નીચે મુજબ મુદ્દાઓ ઉપસ્થિત થાય છે,

૧. શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકા ન રહે એ રીતે સાબીત કરે છે કે, તા.૧૦/૦૫/૨૦૨૩ ના રોજ ક.૧૪:૩૦ વાગે મોજે ખડકવાડા ગામે તળાવ ફળીયામાં રહેતા સેવલીયાભાઈ રેવલાભાઈ રાઠવા નાઓ ખોસ ફળીયામાં આવેલ ખેતરમાં ઝાડ નીચે મકાઈના પરાડ નીચે વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો વિદેશી દારૂ લંડન પ્રાઈડ પ્રિમિયમ વ્હીસ્કી ૧૮૦ મીલીની કુલ બોટલ નંગ-૨૪૦, કુલ કિંમત રૂા.૩૫,૭૫૦/- તથા મેકડોવેલ નં.૧ રીઝર્વ વ્હીસ્કી ૧૮૦ મીલીની બોટલ નંગ-૪૮, કુલ કિંમત રૂા.૧૦,૪૬૪/- એમ કુલ બોટલ નંગ-૨૮૮, કુલ કિંમત રૂા.૪૬,૨૧૪/- નો પ્રોહી મુદ્દામાલ રાખી રેડ દરમિયાન હાજર મળી આવી તથા સદર આરોપી તથા અન્ય આરોપી નહી મળી આવી આરોપીએ બોમ્બે પ્રોહિબીશન એકટની કલમ-૬૫ એ, ઈ, ૮૧, ૮૩ મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

(૪) રજુ થયેલ પુરાવાઓનું કાળજીપુર્વક મુલ્યાંકન કરતા ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ કરેલ છે.

**<u>મુદ્દા નં.૧ :</u>** નકારમાં.

**<u>મુદ્દા નં.૨ :</u>** આખરી હુકમ મુજબ.

(૫) આ નિર્ણયો કરવા માટેના કારણો નીચે મુજબ છે.

<u>-:: કારણો ::-</u>

<u>મુદ્દા નં.૧ :-</u>

૧) ફરીયાદપક્ષે **પંચસાહેદ ચીનુભાઈ જેસલભાઈ તડવી** નાઓને **આંક-૦૬** અને **પંચસાહેદ મનોહરભાઈ ચંપકભાઈ સોલંકી** નાઓને **આંક-૧૨** થી સોગંદ ઉપર તપાસેલા છે જેમાં તેઓએ જણાવેલ છે કે, પોલીસે એક તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહીઓ કરેલ હતી. જે પંચ નામુ તેઓને બતાવવામા આવે છે જેમાં પંચો તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. તેઓની હાજરીમાં આરોપીનું શરીર સ્થિતિનું પંચનામાની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નહી.

સદર પંચસાહેદો ફરીયાદ હકીકતની મહત્વની બાબતને સમર્થન કરતા ન હોઈ તેમને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ અને તેમની ઉલટતપાસ કરેલ હોવા છતાં ફરીયાદ હકીકતને સમર્થન મળે એવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદો એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી.

૨) ફરીયાદપક્ષે **પંચસાહેદ ભુવાનસીંગ દલુભાઈ રાઠવા** નાઓને **આંક-૦૮** તથા **પંચસાહેદ મેઘજીભાઈ ગુલીયાભાઈ રાઠવા** નાઓને **આંક-૧૯** થી સોગંદ ઉપર તપાસેલા છે જેમાં તેઓએ જણાવેલ છે કે, પોલીસે એક તૈયાર પંચનામા માં સહી કરવાનું કહેતા તેઓએ સહીઓ કરેલ હતી. જે પંચ નામુ તેઓને બતાવવામા આવે છે જેમાં પંચો તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. તેઓની હાજરીમાં પંચનામાની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નહી.

સદર પંચસાહેદો ફરીયાદ હકીકતની મહત્વની બાબતને સમર્થન કરતા ન હોઈ તેમને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ અને તેમની ઉલટતપાસ કરેલ હોવા છતાં ફરીયાદ હકીકતને સમર્થન મળે એવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદો એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી તે સિવાય તેઓ કાંઈ જાણતા નથી.

૩) ફરીયાદપક્ષે **ફરીયાદી કહળસિંગભાઈ બુટાભાઈ** નાઓને **આંક–૧૦** થી સોગંદ ઉપર તપાસેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, તા.૧૦/૦૫/૨૦૨૩ ના રોજ તેઓ એલ.સી.બી છોટાઉદેપુરમાં અ.હે.કો. તરીકે તેઓની ફરજ પર હતા ત્યારે રંગપુર પો.સ્ટે. વિસ્તારમાં પ્રોહી પેટ્રોલીંગમા હતા ત્યારે બાત્મી મળેલ કે મોજે ખડકવાડા ગામે તળાવ ફળીયામાં રહેતા સેવલીયાભાઈ રેવલાભાઈ રાઠવા નાઓ ખોસ ફળીયામાં આવેલ ખેતરમાં ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ ઉતારી રાખેલ છે. જે બાતમી હકીકત આધારે નજીકમાંથી બે પંચોના માણસો મેઘજીભાઈ રાઠવા તથા ભુવાનભાઈ રાઠવા નાઓને બોલાવી હકીકતથી વાકેફ કરી ઉપરોકત બાતમી વાળી જગ્યાએ રેડ કરતા તેઓની હાજરીમાં તેને સ્થળ ઉપરથી પકડેલ હોય તેનું પંચો રૂબરૂ નામઠામ પુછતા તેનુ નામ સેવલીયાભાઈ રેવલાભાઈ રાઠવા નો હોવાનું જણાવેલ. તેમના ઘરે પ્રોહી મુદ્દામાલ મળતા તેની પાસે પાસ પરમીટ માંગતા હોવાનું જણાવેલ. રહેણાંક ઘરમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ લંડન પ્રાઈડ પ્રિમિયમ વ્હીસ્કી ૧૮૦ મીલીની કુલ બોટલ નંગ–૨૪૦, કુલ કિંમત રૂા.૩૫,૭૫૦/– તથા મેકડોવેલ નં.૧ રીઝર્વ વ્હીસ્કી ૧૮૦ મીલીની બોટલ નંગ–૪૮, કુલ કિંમત રૂા.૧૦,૪૬૪/– એમ કુલ બોટલ નંગ–૨૮૮, કુલ કિંમત રૂા.૪૬,૨૧૪/– નો પ્રોહી મુદ્દામાલ મળી આવેલ.

પ્રોહી મુદ્દામાલ સેમ્પલ કબજે કરેલ હોય અને તેનું વિગતવારનુ પંચનામું પંચનામામાં જણાવ્યા પ્રમાણેનું તેઓની રૂબરૂમાં પંચનામાની વિગતે લખેલ તથા જેથી મળી આવેલ મુદ્દામાલ માથી એક એક બોટલ સેમ્પલ અર્થે લઈ પંચનામાની વિગતે ગણી કબજે કરેલ. સદર મુદ્દામાલ કયાંથી લાવેલ તે અંગે પુછતા સદર મુદ્દામાલ દેસીંગભાઈ, મેહરીયાભાઈ રાઠવા, મુકેશભાઈ રાઠવા તથા પ્રેમસીંગભાઈ રાઠવા નાઓ સવારના મેક્ષ ગાડી લઈ આવેલ અને તેઓના ખેતરમાં મુકી ગયેલ હોવાનું જણાવેલું. જેથી આરોપીઓ વિરૂધ્ધ પ્રોહી એકટની કલમ–૬૫ એ, ઈ, ૯૮(૨), ૮૧, ૮૩ મુજબની ફરીયાદ તેઓએ આપેલી. બનાવ ૧૪:૩૦ વાગે બનેલ. તેઓને અસલ ફરીયાદની ખરી નકલ બતાવવામા આવે જેમા તેઓ ની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.

બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ જગ્યાએ જાહેર રસ્તો આવેલ છે અને ત્યાં વાહનો તથા માણસોની અવર જવર રહે છે. બનાવવાળી જગ્યાએ આજુબાજુમાં રહેણાંકના મકાનો આવેલા છે.

૪) ફરીયાદપક્ષે **ત.ક.અ. નરવતસિંહ ફતેહસિંહ બારીયા** નાઓને **આંક–૧૫** થી સોગંદ ઉપર તપાસેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, તા. ૧૦/૦૫/૨૩ ના રોજ છોટાઉદેપુર પો.સ્ટે. મા પી.એસ.આઈ. તરીકે તેઓની ફરજ બજાવતા હતા તે વખતે એલ.સી.બી. છોટાઉદેપુરના અ.હે.કો કહળસીંગ બુટાભાઈ નાએ રંગપુર પો.સ્ટે. માં સી.ગુના રજી.નં.૧૬૪/૨૦૨૩ થી પ્રોહી એકટની કલમ–૬૫ એ, ઈ, ૮૧, ૮૩ મુજબનો ગુનો આરોપી સેવલીયાભાઈ રેવલાભાઈ રાઠવા, દેસીંગભાઈ ભીખલાભાઈ રાઠવા, મહેરીયાભાઈ ઉર્ફે મહેસભાઈ દેસીંગભાઈ રાઠવા, ગોવીંદ ઉર્ફે પ્રેમસીંગભાઈ ઉર્ફે પેમસીઆ રાઠવા તથા મુકેશભાઈ નાનસીંગ ભાઈ રાઠવા તમામ રહે. ખડકવાડા તા.જી.

છોટાઉદેપુર નાઓ વિરુદઘ ફરીયાદ આપેલી. ફરીયાદમા ગુનો દાખલ કરવા તેમણે યાદી કરેલી. અને તપાસ ક્રોસ છોટાઉદેપુરમા આપતા તપાસ તેઓની પાસે આવતા તપાસ તેઓએ સંભાળી. તેઓએ ફરીયાદ તથા પંચનામું વાંચી ગુનાથી વાકેફ થયેલા. જેમા આરોપી પાસેથી પ્રોહી મુદ્દામાલ બોટલ નંગ -૨૮૮, કુલ રૂા. ૪૬,૨૧૪/- તથા આરોપી સેવલીયા ભાઈ રેમલાભાઈ રાઠવા નાઓ તથા મુદ્દામાલ સાથે તેઓને તપાસ સોપતા. તપાસ તેઓએ સં ભાળેલી. અને તપાસના કામે સાહેદોના નીવેદનો લીધેલા અને આરોપી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી આરોપીને અટક કરેલ અને આરોપી દેસીંગ ભાઈ ભીખલાભાઈ રાઠવા, મહેરીયાભાઈ ઉર્ફે મહેસભાઈ દેસીંગભાઈ રાઠવા, ગોવીંદ ઉર્ફે પ્રેમસીંગભાઈ ઉર્ફે પેમસીઆ રાઠવા નાઓ મળી આવતા તેમને અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલી. સદર મુદ્દામાલ એફ.એસ. એલ. મા રવાના કરેલ. જેની રવાનગી નોંધમા તેઓની સહી છે જે તેઓ ઓળખે છે. અને ત્યારબાદ તેઓ રીટાયર થતા આગળની તપાસ એ.યુ. નીનામાએ કરેલી. અને આરોપી નં.પ મુકેશભાઈ નાનસીંગભાઈ રાઠવા ને અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલી. એફ.એસ.એલ. રીપોર્ટ આવેલ નથીજેથી રજુ કરેલ નથી. આરોપી નં.પ વિરૂધ્ધ પુરતા પુરાવા પડતા પુરવણી ચાર્જશીટ એ.યુ.નીનામાએ કરેલી.

બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ જગ્યાએ જાહેર માર્ગ આવેલો છે અને ત્યાં વાહનો તથા માણસોની અવર જવર રહે છે. આ કામે કોઈ તટસ્થ સાહેદોના નિવેદન લીધેલ નથી.

૫) આમ, સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતા આંક-૦૭ થી રજૂ થયેલ આરોપીનું શરીર સ્થિતિનું પંચનામામાંના પંચસાહેદ ચીનુભાઈ જેસલભાઈ તડવી અને પંચસાહેદ મનોહરભાઈ ચંપકભાઈ સોલંકી તથા આંક-૦૯ થી

રજૂ થયેલ મુદ્દામાલ કબજે કર્યાના પંચનામામાં પંચસાહેદ ભુવાનસીંગ દલુભાઈ રાઠવા તથા પંચસાહેદ મેઘજીભાઈ ગુલીયાભાઈ રાઠવા નાઓએ નાઓ એ માત્ર તૈયાર પંચનામામાં પોતાની સહીઓ કરી તે સિવાય કોઈ કાર્યવાહી સદર પંચનામાઓમાં કરેલ ન હોવાનું જણાવતા વિ.એ.પી.પી.શ્રી એ તેઓને હોસ્ટાઈલ જાહેર કરેલા છે. આમ, પંચોની હાજરીમાં પંચનામાની વિગતે સદર આરોપીએ અન્ય ઈસમો સાથે મળી દારૂનો જથ્થો પુરો પાડેલ હોવાનું સાબીત થયેલ નથી. પંચોને ખોટા માનવા કોઈ કારણ ઉપસ્થિત થતું નથી. આ કામે પોલીસ સાહેદો સિવાય અન્ય કોઈ સાહેદોને તપાસવામાં આવેલા નથી. કબજે કરાયેલ મુદ્દામાલ ખરેખર વિદેશી દારુ હોવા બાબતે એફ.એસ.એલ. નો આધાર રજુ કરાયેલ નથી. વિદેશી દારુ હોવાનું માની લેવામાં આવે તો પણ તે પંચોની હાજરીમાં પંચનામાની વિગતે સદર આરોપીએ અન્ય ઈસમો સાથે મળી દારૂનો જથ્થો પુરો પાડેલ હોવાનું વ્યાજબી શંકા ન રહે એ રીતે સાબીત થયેલ નથી. વધુમાં, આ કામે ફરીયાદી કહળસિંગ ભાઈ બુટાભાઈ નાઓએ આંક–૧૧ થી રજૂ થયેલ ફરીયાદને સમર્થનકારી જુબાની આપેલ છે. તેમજ ત.ક.અ. નરવતસિંહ ફતેહસિંહ બારીયા નાઓ એ પણ ફરીયાદ ને સમર્થનકારક જુબાની આપેલ છે તેમજ વધુમાં તેઓએ તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને સદર આરોપી ની અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલી. તપાસના કામે મુદ્દામાલ એફ.એસ.એલ. માં રવાના કરેલ. જયારે ફરીયાદી તથા ત.ક.અ. ની ઉલટતપાસ જોવામાં આવે તો તેમાં તેઓએ એ વાતની કબુલાત કરેલ છે કે, બનાવ જગ્યાએ જાહેર માર્ગ આવેલો છે અને ત્યાં વાહનો તથા માણસોની અવર જવર રહેતી હોય છે તેમછતાં સદર કામે પંચસાહેદો સિવાયના અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલા નથી. જેથી આરોપીને આ ગુનાના કામે સાંકળી શકાય નહી. જેથી

મુદ્દામાલ સાથે આરોપીને સાંકળવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ નથી માટે મુદ્દા નં.૧ નો નિર્ણય **<u>નકારમાં</u>** કરવામાં આવે છે.

(૬) <u>મુદ્દા નં.૨ :–</u>

મુદ્દા નં.૧ ના નિર્ણયને આધીન મુદ્દા નં.૨ ના નિર્ણય તરીકે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

(૧) ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે આ કેસના આરોપી **મુકેશભાઈ નાનસિંગભાઈ રાઠવા,** ઉ.વ.આ.૨૭, રહે. ખડકવાડા, તળાવ ફળીયા, તા.જી.છોટાઉદેપુર નાઓને તેની સામેનો બોમ્બે પ્રોહિબીશન એકટની કલમ–૬૫ એ, ઈ, ૮૧, ૮૩ મુજબનો શિક્ષાપાત્ર ગુનાનો આરોપ ના સાબીત માની નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામમાં કબજે કરેલ પ્રોહી. મુદ્દામાલનો નિયમોનુંસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના રૂ.૫૦૦૦/– (રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમચુરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તારીખ : ૦૪ થી, માહે : ઓગષ્ટ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવેલ છે.**

તારીખ: ૦૪–૦૮–૨૦૨૬.
સ્થળ: છોટાઉદેપુર

**(વિશાલ પ્રભાકર મહેતા)**
અધિક જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
છોટાઉદેપુર.
**જજ કોડ : જીજે–૦૧૫૩૮**